ગામડાઓની માટીની મહેંક, માન અને સન્માન ની ગૌરવગાથા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૧૦ | એપ્રિલ - ૨૦૨૨

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## દૂધસાગર ડેરીમાં ઉજવાતો વાર્ષિક MILK DAY મહોત્સવ એટલે

# પશુપાલકો માટે મનપાંચમ નો મેળો



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે આપણી દૂધસાગર ડેરી માં સ્વ.મોતીભાઈ ચૌધરી ના સમયથી વર્ષોની પરંપરા પ્રમાણે દર વર્ષે મિલ્ક ડે મહોત્સવની ઉજવણી થતી આવી છે. પરંતુ વિતેલા બે વર્ષ દરમ્યાન કોરોના મહામારીના કારણે સરકારી ગાઈડલાઈન મુજબ સંસ્થામાં ઉજવાતા આ મહોત્સવને પણ ગ્રહણ લાગવા પામ્યું હતું. પરંતુ, ચાલી રહેલા વર્ષ ૨૦૨૨ માં કોવિડ ગાઈડ લાઈનના નિયમો હળવા થતાં હાલમાં તા.૨૧-૦૩-૨૦૨૨ થી ચાલુ થયેલા અને ૩૧-૦૩-૨૦૨૨ સુધી ચાલનારા આ દૂધ દિવસ મહોત્સવ અને મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમને મહિલાઓ સહિત પશુપાલકોના પ્રતિનીધી સ્વરૂપ દૂધ મંડળીઓના પ્રમુખ અને મંત્રીઓનો ભારે પ્રતિસાદ અને ઉત્સાહ સાંપડી રહ્યો છે.

દૂધસાગર ડેરી તથા અમૂલ ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મિલ્ક ડે મહોત્સવનો આશય ગામડાના પશુપાલકો મહેસાણા દૂધ સંઘ સાથે પારિવારીક ભાવનાથી જોડાય તથા આ પશુપાલકોને દૂધસાગર પોતીકી લાગે તે પ્રકારનો રહેલો છે. આ મહોત્સવ દરમ્યાન તબક્કાવાર દૂધસાગર સંઘના ૧૨ બ્લોક ની દૂધમંડળીઓના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી સહિત પશુપાલક મહિલાઓને દૂધસાગર ડેરી વતીથી આમંત્રણ આપવામાં આવ્યું છે અને સમગ્ર દિવસ દરમ્યાન દૂધસાગર ડેરી દર્શન સાથે-સાથે દૂધના વ્યવસાયમાં બદલાયેલા વાતાવરણ અને વૈજ્ઞાનિક શોધ-સંશોધનથી તેઓને વાકેફ કરવામાં આવે છે. દૂધસાગર ડેરીના CS વિભાગ દ્વારા આયોજિત આ મિલ્ક ડે મહોત્સવમાં વિવિધ બ્લોકના પ્રથમ દશ વધુ દૂધ ઉત્પાદન કરતાં પશુપાલકોને સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળના સભ્યશ્રીઓ દ્વારા સન્માન આપવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરી તંત્ર દ્વારા આ કાર્યક્રમમાં દૂધની ગુણવત્તા તથા દૂધની શુધ્ધતા અંગે રાખવી પડતી તકેદારીઓ તથા આ વ્યવસાયમાં જરૂરી વૈજ્ઞાનિક સાધનો વસાવવા સરકાર અને સંસ્થા દ્વારા જે સબસીડીઓ આપવામાં આવે છે. તેનાથી પશુપાલકોને વાકેફ કરાયા હતા. વર્ષ ૨૦૨૧ થી મહેસાણા જિલ્લા દૂધસંઘમાં શાસનના સૂત્રો બદલાયા હોવાથી આ વર્ષે ઉપસ્થિત પશુપાલકોને સંસ્થાની ગતિવીધી થી વાકેફ કરી સંપૂર્ણ વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ કાર્યો, પશુપાલકોને આપવામાં આવેલ દૂધની કિંમતો, પશુઆહારના ભાવ તથા દૂધ અને દૂધ આધારિત વિવિધ બનાવટોના વેચાણ માટે ભવિષ્યના રોડમેપને અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. દશ દિવસ સુધી સતત ચાલનારા આ મહોત્સવમાં વિવિધ વિસ્તારો પ્રમાણે તેમના પ્રતિનીધી અને દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્યો પોતાના ક્રમ પ્રમાણે ઉપસ્થિત રહ્યા હતા. તો, આ સમગ્ર દશ દિવસ દરમ્યાન સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી તથા MD શ્રી.ધીરજ કુમાર અને E.D શ્રી. પ્રવિણકુમાર બાંભી અને મેનેજરશ્રી. અશ્વિનભાઈ ચૌધરીએ પોતાનો સંપૂર્ણ સમય પશુપાલકો સાથે વિતાવ્યો હતો. જેતે વિભાગના નિયામક મંડળના પ્રતિનીધીઓએ પોતાના વિસ્તાર માટે પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે પડતી મૂશ્કેલીઓ અને સફળતાઓથી ચેરમેન શ્રી.સહિત સંસ્થાના અધિકારીઓને વાકેફ કર્યા હતા તો ; સામે પક્ષે ચેરમેનશ્રી સહિત ઉચ્ચ અધિકારીઓએ સમસ્યાનું યોગ્ય સમાધાન શોધવાનું મનોમંથન હાથ ધર્યુ હતું. દૂધસાગર પત્રિકાને મળતી માહિતી મુજબ ; આ વર્ષના મિલ્ક ડે મહોત્સવમાં છ હજારથી વધુ પશુપાલકો અને તેમના પ્રતિનીધીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ; આ વખતે ઉનાળાની ગરમીમાં આંખને ઠંડક આપે તેવી વાત એ હતી કે ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના સભ્યો અને ઉચ્ચ અધિકારીઓએ બપોરનું ભાણું સૌની સાથે એક જ મંડપમાં લીધું હતું !!

## આપણી સુરક્ષા - આપણા હાથમાં

# દૂધસાગરમાં ૫૧ મા રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ





તસ્વીર : દૂધસાગર પત્રિકા

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ૪ માર્ચ ૧૯૬૬ ના રોજ નેશનલ સેફ્ટી કાઉન્સીલની સ્થાપના કરવામાં આવી ત્યારથી દર વર્ષે ભારતમાં દર વર્ષની ૪ માર્ચના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે મહેસાણાની દૂધસાગર ડેરી તથા ઉત્તર ગુજરાતના ડેરી સંચાલિત પાંચ દૂધશીત કેન્દ્રો તથા જગુદણ અને ઉબખલ કેટલફીડ પ્લાન્ટ ખાતે ગત ૪ માર્ચના રોજથી રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

સલામતી સપ્તાહના પ્રથમ દિવસે દૂધસંઘના ED શ્રી.પી.બી. બાંભી, HR હેડ શ્રી.અક્ષય શાહ, ફેક્ટરી હેડ શ્રી.સી.એમ. પરીખ, CS મેનેજર શ્રી.અશ્વિનભાઈ ચૌધરી, એન્જિનીયરીંગ હેડ શ્રી.કે.ડી ચૌધરી, શ્રી.લોકેશભાઈ, સ્ટોર હેડ શ્રી.અતુલભાઈ ચૌધરી અને સેફ્ટી ઓફિસર શ્રી.દિપક દેસાઈ તેમજ દરેક વિભાગીય અધિકારી અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. દિપ પ્રાગટ્ય સાથે આ સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી ત્યારે મહેસાણા દૂધસાગર ખાતે એમોનિયા ગેસ અંગેની જાણકારી આપતી એક પુસ્તીકાનું ED શ્રી. બાંભી સાહેબના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી.કે.ડી ચૌધરીએ ડેરી ક્ષેત્રમાં રહેલા વિવિધ જોખમો અને રોજીંદા જીવનમાં સુરક્ષાના મહત્વ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. દૂધસાગરના ચીફ સેફ્ટી ઓફિસર શ્રી.દિપક દેસાઈએ સુરક્ષા સપ્તાહનું મહત્વ સમજાવી આ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સુરક્ષા સપ્તાહ ઉજવણીના પ્રથમ દિવસે દૂધસાગરના તમામ અધિકારી ગણ અને કામદાર મિત્રોએ સુરક્ષા અંગેની તકેદારી માટે પ્રતિજ્ઞા લીધી હતી તેમજ સમગ્ર સપ્તાહ દરમ્યાન સુરક્ષા માટેનો લીલો ત્રિકોણ પોતાના પોકેટ ઉપર લગાવી સુરક્ષા માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. સુરક્ષા સપ્તાહના છેલ્લા દિવસે દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે ફાયર ડેમોસ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચીફ સેફ્ટી ઓફિસર શ્રી.દિપક દેસાઈએ આગ અને આગના પ્રકારો તથા વિવિધ અગ્નિ શામક સાધનો, આગ બુઝાવવાના વિવિધ ઉપાયો તથા વ્યક્તિગત અને સંસ્થાગત રક્ષણાત્મક ત્વરિત પગલાં અંગે પ્રેક્ટીકલ જાણકારી આપી હતી. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ એકમોમાં સુરક્ષા અંગેના સાધનોની સુસજ્જતા અંગે પણ આ સપ્તાહમાં ચકાસણી કરાઈ હતી તથા અકસ્માત સમયે આ સાધનો ત્વરિત હાથમાં આવે અને તેનો સૂપેરે ઉપયોગ કરી શકાય તેવા સ્થળોએ ઈન્સ્ટોલેશન ને ચકાસવામાં આવ્યું હતું તથા આ સપ્તાહ દરમ્યાન સુરક્ષા અંગેની વિવિધ હરિફાઈઓ યોજવામાં આવી હતી જેમાં સુરક્ષા નિબંધ, સુરક્ષા સૂત્ર, સુરક્ષા ચિત્ર વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીએ આ સુરક્ષા સપ્તાહની ઉજવણી પ્રસંગે પોતાનો સંદેશો આપતાં દૂધ સાગર પત્રિકાને જણાવ્યું કે ; આપણી સુરક્ષા આપણા હાથમાં છે અને તે માટે સાવધાની એજ શ્રેષ્ઠ ઉપાય છે તેથી સૌએ પોતાની સાથે દૂધસાગરની સુરક્ષા માટે સતત જાગૃત રહેવું પડશે.

# પિલુવાડા દૂધ મંડળીના નવીન મકાનનું લોકાર્પણ સંપન્ન થયું

ગત તારીખ : 23 માર્ચના રોજ હારીજ તાલુકાના પિલુવાડા ગામે બનેલ આ દૂધ મંડળીના નવા મકાનનો લોકાર્પણ સમારંભ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી ના વરદ્ હસ્તે સંપન્ન થયો.



ગુજરાત સરકારની દૂધ મંડળી ના નવા મકાન અને ગોડાઉન સહાય યોજનાનો લાભ લેતાં હારીજ તાલુકાના પીલુવાડા ગામની આ નવીન દૂધ મંડળીના લોકર્પણ પ્રસંગે દૂધસાગરના વાઈસ ચેરમેન શ્રી.અમરતભાઈ દેસાઈ, ડિરેક્ટર શ્રી. રમેશભાઈ દેસાઈ, શક્તાભાઈ ભરવાડ અને પૂર્વ ડિરેક્ટરશ્રી. પ્રધાનજી ઠાકોર, જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી.દશરથજી ઠાકોર, હારીજ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી. વનરાજસિંહ ઠાકોર, પૂર્વ પ્રમુખ શ્રી.બચુજી ઠાકોર તથા તાલુકા - જીલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દૂધસાગરના ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે ; હવેની દૂધસાગરનું મેનેજમેન્ટ એકમાત્ર પશુપાલકોનું હિત વિચારી રહ્યું છે ત્યારે મંડળી કક્ષાએ પણ વહિવટીય શુધ્ધતા જળવાય તેમજ આ વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય ફુલેફાલે તે માટે ડેરી અને મંડળીએ સાથે મળી કામ કરવું પડશે.

## દૂધસાગર નિયામક મંડળના સદસ્ય શ્રી.રમેશભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને

# ધારપુર ખાતે દિવાપોગ્રામ યોજાયો



મહેસાણા દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં મહિલાઓ દૂધ ઉત્પાદન ક્ષેત્રે પ્રગતી કરે અને વૈજ્ઞાનિક અભિગમો અપનાવતી થાય તે માટે વર્ષ દરમ્યાન અવાર નવાર ત્રિ-દિવસીય મહિલા જાગૃતિ આશય થી દિવાપોગ્રામનું વિવિધ સ્થળે આયોજન કરતી હોય છે. આ આયોજનના ભાગરૂપે તાજેતરમાં પાટણ જિલ્લાના ધારપુર ગામની દૂધ મંડળી ખાતે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ડિરેક્ટર શ્રી.રમેશભાઈ દેસાઈ (અબલુવા) ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સદર પોગ્રામમાં પશુપાલન ક્ષેત્રે કામ કરતી અનેક મહિલાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે પાટણ C.S વિભાગના હેડ શ્રી.માધવ ચૌધરી, પી.સી મેનેજર શ્રી.એન. કે પ્રજાપતિ, જયરામભાઈ દેસાઈ, હરીભાઈ પટેલ અને ગાંડાભાઈ દેસાઈ સાથે રમીલાબેન પટેલે કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## વિવિધ સરકારી યોજનાઓના માધ્યમથી આ વર્ષે આપણે સંઘ અને પશુપાલકો માટે ૩૯.૮૯ કરોડ નો લાભ લઈ શક્યા છીએ

# સરકારનો - સહકાર એટલે સફળતા



લોકશાહીમાં સરકારનું અંતિમ ધ્યેય સામાન્ય માણસની સુખાકારી અને લોકકલ્યાણ હોય છે. આ ઉદ્દેશથી દેશના યશસ્વી વડાપ્રધાન અને મહેસાણાના પનોતા પૂત્ર માનનીય શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ ખેડૂતોની આવક બમણી કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ખેડૂતની આવક ને વધારવા અને તે આવક ની નિયમીતતા જળવાઈ રહે એ ધ્યેયને સીધ્ધ કરવામાં સહકારી ક્ષેત્રનો ફાળો બહુમૂલ્ય છે. ગુજરાતનું અમૂલનું સહકારી મોડલ સમગ્ર દેશ અને વિશ્વમાં નામના પ્રાપ્ત સિધ્ધીઓને પ્રાપ્ત કરી ચૂક્યું છે. ત્યારે આ સફળ મોડલનો સમગ્ર દેશમાં વિકાસ થાય, ખેડૂતો સુખી અને સમૃધ્ધ બને તથા એમનું શોષણ અટકે તે હેતુથી ભારત સરકાર દ્વારા માનનીય શ્રી. અમિતભાઈ શાહ સાહેબની અધ્યક્ષતામાં સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. અને **સહકારથી સમૃધ્ધિ** ના ધ્યેયને સિધ્ધ કરવા માટે આ ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. ગુજરાતમાં સહકારીતાનો પાયો આઝાદીના સમયથી મજબૂત છે. પરંતુ, આધૂનિક યુગના પડકારોનો સામનો કરીને સહકારી ક્ષેત્ર વધુ મજબૂતીથી આગળ વધે તે માટે કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓ અને પશુપાલકો લક્ષી અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જ્યારે દેશના વડાપ્રધાન અને દેશના સહકારીતા પ્રધાન બંને આપણા જ જિલ્લાના પનોતા પુત્ર હોય તો મોસાળમાં "જમણવાર અને મા પિરસનાર" જેવી સૂક્તિ સાર્થક થઈ રહી છે. વર્તમાન સમયે સરકાર દ્વારા અનેક સહાય યોજનાઓ હાલમાં અમલમાં મૂકવામાં આવી છે. ત્યારે, દૂધસાગરના પશુપાલકો તેનો ભરપૂર લાભ ઉઠાવે તે માટે તેની એક ઝલક મૂકી રહ્યા છીએ.

**» NPDD યોજના અંતર્ગત બલ્કકૂલર અને મિલ્ક એડલ્ટરેશન ટેસ્ટીંગ મશીન**





ભારતની કેન્દ્ર સરકારના પશુપાલન અને ડેરી વિભાગ મારફત ચાલતી રાષ્ટ્રીય ડેરી વિકાસ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લા સહકારી સંઘ દૂધ ઉત્પાદક સંઘની કુલ ૮૩ ગ્રામ્ય દૂધ મંડળીઓ માટે ૬૦ % સબસીડી સાથે બલ્કકૂલરની યોજના મંજૂર કરવામાં આવી છે. એક હજાર લીટરથી દશ હજાર લીટર સુધીની વિવિધ ક્ષમતાના બલ્કકૂલરો માટે આ વિભાગ દ્વારા આપણા સંઘને કૂલ ૬.૪૦ કરોડની સહાય પ્રાપ્ત થવા પામી છે. અને ભવિષ્યમાં પણ જરૂરીયાત પ્રમાણે આપણે સરકારની સહાયતાનો લાભ લેતા રહીએ તે માટે મેનેજમેન્ટ જાગૃત છે. ઉપરોકત યોજના આધારિત દૂધની ભેળસેળ ચકાસવા માટેના ૫૦૦ મશીન માટે ૬૦% સબસીડી પ્રમાણે આપણને અત્યાર સુધી કૂલ ૧૨ કરોડની સહાય મંજૂરી મળી ચૂકી છે.

**» ડેરી સંઘો માટે વ્યાજ સહાય યોજના**

ભારત સરકાર દ્વારા NDDB ના માધ્યમથી ડેરી વિકાસ સહાય યોજના અંતર્ગત આપણા સંઘને ૧૫ કરોડની વ્યાજની સહાય ચૂકવવામાં આવી છે.

**» દૂધ મંડળીઓ માટે દૂધ ઘર અને ગોડાઉન માટેની સહાય યોજના**



ગુજરાત સરકારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને માળખાકીય સહાયની યોજના અંતર્ગત મંડળીના પાકા મકાન બનાવવા અને ગોડાઉન બનાવવા માટે ૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આ યોજના મૂજબ ચાલુ વર્ષે આપણા સંઘની કૂલ ૩૦ દૂધ મંડળીઓ માટે આપણને રૂ.૧.૫ કરોડ સહાય મળવા પામી છે.

**» દૂધ ઉત્પાદકો માટે પશુ ખાણદાણ સહાય યોજના**

આ યોજનામાં ICDP વિભાગ દ્વારા ૧૦૦ ટકા સહાયથી દૂધ ઉત્પાદકોના ગાભણ પશુઓને ૨૫૦ કિ.ગ્રામ પશુદાણ આપવામાં આવે છે. આ યોજનામાં આપણા જિલ્લામાં ૩૩૩૩ દૂધ ઉત્પાદકોને અત્યાર સુધી ૮,૩૩,૨૫૫ કિ.ગ્રામ પશુદાણ મળી ચૂક્યું છે. જેની કૂલ સહાય રૂ. ૧.૫૬ કરોડ થવા પામે છે. આ યોજનામાં પશુપાલન વિભાગ દ્વારા ૫૦ ટકા સહાયથી દૂધ ઉત્પાદકોના પશુઓને વિયાણ બાદ ૧૫૦ કિ.ગ્રામ પશુદાણ આપવામાં આવે છે. આપણા વિસ્તારને આ અંતર્ગત કૂલ ૧૭,૨૯૧ દૂધ ઉત્પાદકોને ૨૫,૯૩,૬૫૦ કિ.ગ્રામ પશુદાણ મંજૂર થયું છે જેની કુલ સહાય ૨.૪૩ કરોડ થવા પામે છે.

**» દૂધ ઉત્પાદકો માટે ૧૨ દૂધાળા પશુઓ માટેની યોજના**

આ યોજના હાલમાં અમલમાં છે અને રસ ધરાવતા પશુપાલકો સંઘની મદદ અને સલાહથી આ સરકારી મદદ મેળવી શકે છે.

**» નેશનલ બી-બોર્ડ દ્વારા મધમાખી પાલન ટ્રેનીંગ સહાય**

ખેડૂતો મધમાખી પાલન દ્વારા પૂરક આવક મેળવી શકે તે માટે દૂધસાગર માં હાલમાં આ ટ્રેનીંગ ચાલી રહી છે. ૨૫ તાલીમાર્થીની એક એવી ૨ બેંચ ની તાલીમ પૂર્ણ થવાથી કુલ ૩.૫૦ લાખની સહાય મળેલ છે.

**»દિવા પોગ્રામ** વર્ષભર સરકારની સહાયથી આ પશુપાલન જાગૃતિ અભિયાન ચાલે છે.

## દૂધસાગરના ડૉક્ટરની ડાયરી



# પશુ દીઠ દૂધ ઉત્પાદન વધારવાના આ રહ્યા : બિનખર્ચાળ સરળ ઉપાયો

અત્યારની કાળઝાળ મોંઘવારીના સમયમાં પશુપાલનના ધંધાને મહત્તમ નફાકારક બનાવવા માટેનો **એક માત્ર ઉપાય પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવું તે છે ;** પશુની (ગાય-ભેંસ) આનુવંશિક ક્ષમતા મુજબનું દૂધ મેળવવા માટે નીચે બતાવેલ કેટલીક બિનખર્ચાળ (વધારાના ખર્ચ સિવાય) સરળ વૈજ્ઞાનિક બાબતોનો અમલ કરીએ તો ચૌક્કસ પણે પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવામાં આપણને સફળતા મળી શકે છે.

## → પશુને સમયાંતરે પાણી પાવુ અત્યંત જરૂરી છે

- જેવી રીતે માણસને જ્યારે તરસ લાગે છે ત્યારે તે પાણી પીવે છે. એ પ્રમાણે પશુઓને પણ તરસ લાગે છે. પરંતુ, માણસની જેમ પશુઓ માગણી કરી શકતા ન હોવાથી તેમને તરસ લાગે ત્યારે સમય પ્રમાણે તેમને પાણી પીવા નથી મળતું. આપણે આપણી અનુકૂળતા મુજબ ૨૪ કલાકમાં બે વખત તેને પાણી આપીએ છીએ તે એક પશુપાલક તરીકે આપણી ગંભીર ભૂલ પૈકીની એક ભૂલ છે.
- પશુનિષ્ણાતોના મંતવ્ય મુજબ ; દૈનિક આશરે સાત થી આઠ લિટર દૂધ આપતી અને ૪૦૦ કિલો વજન ધરાવતી ભેંસ અથવા દશ થી પંદર લિટર દૂધ આપતી અને ૩૦૦ કિલો વજન ધરાવતી ગાયને ૨૪ કલાકમાં ૮૦ થી ૧૦૦ લિટર પાણીની જરૂર પડે છે અને ૨૪ કલાક માં માત્ર બે વખત તેમને પાણી મળતું હોવાથી આ પશુઓ એક સમયમાં એકી સાથે ૪૦ થી ૫૦ લિટર પાણી પી જાય છે.
- જેમ આપણને જો વધુ પડતું પાણી એકી સાથે પીવું પડે તો પેટ ભારે લાગે, કોળ ચડે અને સમગ્ર દિવસ દરમ્યાન અપચો તથા ભારેપણું લાગે તેવી જ દશા વધુ પાણી એક સાથે પીવાથી પશુની થાય છે. આપણે દિવસમાં બે વખત પાણી આપી આપણા પશુઓનું પેટ દરરોજ બગડેલું જ રાખીએ છીએ. પશુનું પેટ બગડેલું રહેતું હોવાથી તે જે ખોરાક ખાય છે તેનું સો ટકા પાચન ન થવાથી દૂધ થવાની પ્રક્રિયામાં દશ થી પંદર ટકા ઘટાડો થવાથી સરવાળે દૂધ ઉત્પાદનમાં આપણને ખોટ થવા પામે છે.
- દૂધમાં સરેરાશ ૮૦ થી ૮૫ ટકા પાણી હોય છે અને આપણે આપણી પશુને બે વખત પાણી આપવાની પધ્ધતિને બદલીને ચોવીસ કલાકમાં ચાર થી પાંચ વખત સમયાંતરે પાણી આપીએ તો દૂધ ઉત્પાદનમાં દશ થી પંદર ટકા નો વધારો લઈ શકીએ છીએ.

## → પશુને ખોરાક આપવાની પધ્ધતિમાં બદલાવ

- આપણી ગાયો - ભેંસો એ ખોરાકને વાગોળતાં પ્રાણીઓ છે. મનુષ્યના ખોરાક પાચન માટે કુદરતે એક જ હોજરી આપી હોય છે. પરંતુ ; આપણી ગાયો - ભેંસો સહિત સંસારના તમામ વાગોળતાં પ્રાણીઓમાં ખોરાક પાચન માટે કુદરતે ચાર હોજરીઓ આપેલી છે.
- પશુએ ખાધેલ ઘાસચારાનું મોટા ભાગનું પાચન તેની મોટી હોજરી (રૂમેન) માં રહેલ સૂક્ષ્મ પ્રજીવો અને બેક્ટેરીયાઓ દ્વારા થાય છે. આ પ્રજીવો અને બેક્ટેરીયાઓ પશુએ ખાધેલ ઘાસચારામાં આથો લાવે છે. અને જેટલો આથો વધારે તેટલો જ પશુનો વાગોળ વધારે થાય છે અને જેટલો વધારે વાગોળ એટલી જ પાચન ક્ષમતા વધુ થાય છે જેના પરિણામે આ પાચન થયેલ ખોરાકથી દૂધ ના પ્રમાણ અને ફેટની પ્રક્રિયા મજબૂત બને છે.
- પશુઓને જો તેમના ખોરાકમાં વધારે પડતું અનાજ, ગોળ, તેલ, ઘી વગેરે આપવામાં આવે તો પશુના પેટમાં રહેલા સૂક્ષ્મ પ્રજીવો - બેક્ટેરીયાની સંખ્યામાં ઘટાડો થાય છે. પરિણામે, પશુએ ખાધેલ ઘાસચારાની દૂધ - ફેટ માં રૂપાંતરણની પ્રક્રિયા ઓછી થવાથી આપણે પશુની ક્ષમતા મુજબનું દૂધ મેળવી શકતા નથી.
- દૂધાળા પશુને ખાણદાણ (સાગરદાણ) જે આપણે સવાર સાંજ બે ટાઈમ આપવાને બદલે તેટલા જ સાગરદાણ પૈકી નો ૨૦% હિસ્સો બપોરના સમયે આપવામાં આવે તો આપણે પાંચ થી સાત ટકા જેટલું વધુ દૂધ આસાનીથી મેળવી શકીએ છીએ.
- વધુ દૂધ આપતી ગાયો-ભેંસોને સાગરદાણને બદલે હાઈપ્રોદાણ આપવાથી પણ વધારે દૂધ મેળવી શકાય છે. પશુના ખોરાકની ઉપરોક્ત બાબતોનો અમલ કરવામાં આવે તો પણ દૂધ ઉત્પાદન દશેક ટકા જેટલું વધારે મેળવી શકીએ છીએ.

## → દૂધ દોહવાની પધ્ધતિમાં બદલાવ

- દૂધ દોહનની પ્રક્રિયાનો આધાર પશુ પાનો મુકે તેના ઉપર નિર્ભર હોય છે. પાનો મૂકવાની પ્રક્રિયાનું સંચાલન પશુના મગજમાં રહેલી પિચ્યુરીટી ગ્રંથીમાંથી સ્ત્રાવ પામતાં અંતઃસ્ત્રાવ ઓક્સિટોસીન ઉપર નિર્ભર હોય છે.
- **પશુપાલકોએ ખાસ જાણી લેવું જોઈએ :** આ ઓક્સિટોસીનનો સ્ત્રાવ પશુના લોહીના પરિભ્રમણમાં ફક્ત સાતથી આઠ મિનીટ સુધી જ થાય છે. એટલે કે, લોહીમાંથી દૂધ બનવાની પ્રક્રિયા માત્ર સાતથી આઠ મિનીટ જ ચાલે છે. આ સંજોગોમાં - વધુ દૂધ આપતી ગાય-ભેંસો દોહવા માટે બે માણસો બેસે તે ખૂબ જ જરૂરી છે.
- પશુ પાનો મૂકે ત્યારે તેના આંચળમાં દૂધ ભરાવા લાગે છે અને આંચળના છિદ્ર દ્વારા દૂધને બહાર કાઢવા માટે આંચળ ઉપર હલકું દબાણ જ આપવાનું હોય છે. પરંતુ, મોટા ભાગે પશુને દોહતી વખતે બહેનો અને ભાઈઓ અંગૂઠો વાળીને આંચળ ઉપર ભારે દબાણ આપીને આંચળ ખેંચે છે આનાથી, લાંબે ગાળે આંચળની સ્થિતી સ્થાપકતા ઘટતાં આંચળની લંબાઈ વધે છે. પરિણામે, આગળ જતાં આંચળનું છિદ્ર (જેની રચના વાલ્વ જેવી હોય છે) પુરેપુરું બંધ થતું નથી અને તેમ થવાથી પશુના પારંપરિક રહેઠાણમાં પડેલા છાણ, મૂત્ર, કાદવ અને કીચડમાં રહેલ રોગ ઉત્પન્ન કરનાર બેક્ટેરીયા સહેલાઈથી છિદ્ર વાટે થઈ બાવલા સુધી પહોંચે છે અને **બાવલામાં રહેલ લોહી તથા દૂધ જે આ બેક્ટેરીયાનો મનપસંદ ખોરાક હોવાથી તેમની ઝડપથી વૃદ્ધિ થાય છે. અને અહિંથી જ દૂધ ઉત્પાદનના વ્યવસાયનો કટ્ટર દુશ્મન એવા ગળિયાના રોગનો જન્મ થાય છે.** એક વાર કોઈ પશુને આ ગળિયાનો રોગ લાગુ પડી જાય તો તેની સારવાર લગભગ અશક્ય છે. આનાથી દૂધ ઉત્પાદન ઉપર ઘણી માઠી અસર થવા પામે છે.
- આમ, દૂધ દોહતી વખતે અંગૂઠો વાળીને આંચળને ખેંચ્યા સીવાય ફક્ત હાથની મુઠ્ઠીથી હલકું દબાણ આપીને દોહન કરવું એ જ દોહનની સાચી રીત છે. અને, **ગળિયાનો રોગ અટકાવવા માટે અત્યંત જરૂરી છે.**

## → ભેંસોને નિયમીત નવડાવો

ભેંસ એ પાણી આધારિત પશુ છે. ગાય કે બળદની જેમ તેમની પાસે પરસેવાની ગ્રંથી હોતી નથી પરિણામે ભેંસોને પરસેવો થતો ન હોવાથી તેના શરીરનું તાપમાન જાળવવા પાણીની જરૂર પડે છે. આના લીધે ભેંસોને પાણી પ્રત્યે ખૂબ લગાવ હોય છે. ગરમીની ઋતુમાં ભેંસને નિયમીત રીતે નવડાવવામાં ના આવે તો તેના શરીરનું તાપમાન વધી જાય છે. શરીરમાં ગરમી ઉત્પન્ન થવાથી શ્વાસોશ્વાસની ક્રિયા વધી જાય છે. ભેંસ હોંફવા લાગે છે. પાચન ક્રિયા અને ખોરાક ઘટી જાય છે. જેની અસર દૂધ ઉત્પાદન ઉપર પડતી હોવાથી ભેંસોને નિયમીત નવડાવો.

## દૂધસાગર દ્વારા પશુઓને આપવામાં આવતા સાદા અને સેક્સડ્ સીમેન ડોઝનો તફાવત જાણો ?




મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (દૂધસાગર ડેરી) ના કાર્યક્ષેત્રમાં પશુપાલન અને દૂધનો વ્યવસાય ફુલે ફાલે તે માટે દૂધસાગર ડેરી તમામ સ્તરે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. હાલમાં, દૂધસાગર ડેરીના જગુદણ સંશોધન કેન્દ્ર દ્વારા ગાય - ભેંસને માદા બચ્ચું જ પેદા થાય અને જન્મ લીધેલું આ માદા બચ્ચું ઉત્તમ કક્ષાની ભેંસ કે ગાય બની આવનારા ભવિષ્યમાં ઉત્તમ દૂધનું વધારે પ્રમાણમાં ઉત્પાદન કરે તે દિશામાં ભરચક પ્રયત્નો નિયામક મંડળ દ્વારા નિષ્ણાત ડૉક્ટરોના અભિપ્રાય મુજબ વૈજ્ઞાનિક પધ્ધતિથી હાથ ધરવામાં આવ્યા છે. દૂધસાગર ડેરી દ્વારા હાલમાં માદા બચ્ચાના સંભવિત જન્મને વૈજ્ઞાનિક પધ્ધતિથી વધારવા (૧) સાદા સીમેન ડોઝ (૨) સેક્સડ્ સીમેન ડોઝ **(આ ડોઝ આખા ગુજરાતમાં માત્ર દૂધસાગર ડેરી પાસે ઉપલબ્ધ છે)** નું ઉત્પાદન તથા ભારે સબસીડી આપી પશુપાલકોને આપવામાં આવી રહ્યા છે. નિષ્ણાત પશુવૈજ્ઞાનિકો ના જણાવ્યા અનુસાર ; સાદા ડોઝ ની સરખામણીમાં અમેરીકન કંપનીના અત્યંત આધુનિક વિજ્ઞાનથી તૈયાર કરવામાં આવતા સેક્સડ્ સીમેન ડોઝમાં માદા પશુ બચ્ચાંને જન્મ આપવાની ૯૦% સંભાવના છે. હાલમાં, દૂધસાગર ડેરીના નવા મેનેજમેન્ટ દ્વારા ફેડરેશનના સહયોગથી આ ૭૫૦ રૂપિયામાં તૈયાર થતો પ્રતિ સેક્સડ્ સીમેન ડોઝ દૂધસાગરના ગ્રાહકોને માત્ર ૫૦ રૂપિયા જેટલી મામુલી રકમમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો હોઈ ; દૂધસાગર ડેરીના MD શ્રી. ધીરજ કુમાર ચૌધરી આ સેક્સડ્ સીમેન ડોઝનો સમગ્ર દૂધસાગરના વિસ્તારમાં વધુમાં વધુ ઉપયોગ થાય તેવી અપીલ દૂધસાગર પત્રિકાના માધ્યમથી કરી રહ્યા છે ત્યારે : આવો ... સાદા સીમેન ડોઝ ની સરખામણીમાં સેક્સડ્ સીમેન ડોઝને કેવી રીતે ઓળખી શકાય તથા બજારમાં થતી છેતરામણીથી બચી શકાય તે સમજીએ **(ઉપર આપેલ ગ્રાફ બંને સીમેન ડોઝ વચ્ચેનો વૈજ્ઞાનિક તફાવત સમજાવે છે)**

સાદા અને સેક્સડ્ સીમેન ડોઝ વચ્ચે કલર થી ઘણો તફાવત જોવા મળે છે.

(૧) ભેંસનો સાદો ડોઝ ગ્રે (રાખોડી) કલરનો હોય છે.

(૨) 100% HF ગાયનો સાદો ડોઝ પિંક (ગુલાબી) કલરનો હોય છે.

(૩) શંકર ગાયનો સાદો ડોઝ લાઈટ ગ્રીન (લીલા) કલરનો હોય છે.

(૪) દેશી ગાયનો સાદો ડોઝ ઓરેન્જ (નારંગી) કલરનો હોય છે.

**ઉપરના કલર સાદા સીમેન ડોઝ અને આધુનિક સેક્સડ્ સીમેન ડોઝ વચ્ચે કલરોનો કોઈ તફાવત હોતો નથી પરિણામે, પશુપાલકોને સાદા ડોઝ અને સેક્સડ્ સીમેન ડોઝ વચ્ચેના તફાવતને સ્પષ્ટ રીતે સમજવા આપણે જાણી લેવુ જોઈએ કે ; સેક્સડ્ સીમેન ડોઝમાં ABS નો લોગો તથા SAGAR-X અને SEXED લખેલુ હોય છે.** આ તફાવત સાદા સીમેન ડોઝને - સેક્સડ્ સીમેન ડોઝથી સ્પષ્ટ રીતે અલગ તારવે છે. જેથી ગ્રાહકોએ પોતાના પશુને સેક્સડ્ સીમેન ડોઝ અપાવતાં પહેલાં આ વાતની ખાત્રી કરી લેવી જોઈએ તેમજ ભવિષ્યના તંદુરસ્ત પશુપાલનના વ્યવસાયને સફળતા અપાવવા આ વૈજ્ઞાનિક સંશોધન આધારિત સેક્સડ્ સીમેન ડોઝ અપનાવવો જોઈએ.

## દૂધસાગર હવે પારદર્શક વહીવટ જ નહિં પણ પવિત્ર સામાજિક સેવાઓ પણ નિભાવે છે

## સંસ્થાએ મહેસાણા જિલ્લાના 453 કૂ-પોષિત બાળકોને ત્રણ માસ માટે દત્તક લીધા


(તસ્વીર : પ્રતિકાત્મક)

સમગ્ર ભારત માટે કૂ-પોષણ એક રાષ્ટ્રીય શરમ ગણી શકાય અને તે સ્થિતીમાંથી દેશને બહાર કાઢવા પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના **સહિ પોષણ-દેશ રોશન** સૂત્રને ચરિતાર્થ કરવા ગુજરાત રાજ્યના ભાજપના પક્ષ પ્રમુખ શ્રી. સી.આર . પાટીલ સાહેબના જન્મદિવસની ઉજવણી માં રાજ્યના કૂ-પોષીત બાળકોને સૂ-પોષિત કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું તેના એક ભાગરૂપે મહેસાણા જિલ્લાની ઓળખસમી દૂધસાગર ડેરીએ પણ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે મહેસાણા જિલ્લાના ૪૫૩ કૂ-પોષિત બાળકોને આગામી ત્રણ માસ માટે દત્તક લઈ રાષ્ટ્રની જવાબદારીના વાહક બની અન્યોને પ્રેરણાનું અજવાળું પુરૂ પાડ્યું છે.

આ અંગે દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ; સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાહેબે જણાવ્યું કે : દૂધસાગર ડેરી એ પશુપાલકોની સાથે-સાથે હંમેશા સામાજિક કાર્યોને પ્રાથમિકતા આપી છે અને કૂ-પોષણ વિરૂધ્ધ મોદી સાહેબે ચલાવેલા અભિયાનમાં દૂધસાગર ડેરી પણ એક સૈનિક તરીકે પોતાની જવાબદારી નિભાવશે. અશોકભાઈ ચૌધરીએ ઉમેર્યુ કે ; આજનું બાળક એક આવતી કાલના ભારતનું ભવિષ્ય છે. આપણા રાજ્ય કે જિલ્લાનું બાળક તંદુરસ્ત રહી સશક્ત ભારતના નિર્માણમાં સહભાગી બને એ દૂધસાગર ડેરી માટે ગૌરવનો વિષય છે. સશક્ત ભારતના નિર્માણમાં બાળકોના શારીરિક, માનસિક અને સામૂહિકતાના ગુણો વિકસે તેવું વાતાવરણ આંગણવાડીમાં ગૂંજતુ થાય તેવો આશય દૂધસાગર ડેરીનો રહેલો છે. આપણા દેશમાંથી કૂ-પોષણને દેશવટો આપી ભાવિ પેઢીને તંદુરસ્ત અને સ્વસ્થ બનાવવા તથા આવનારી પેઢી વિવેકાનંદજી ના સ્વપ્ન જેવી સામર્થ્યવાન, શસક્ત અને સૂ-પોષિત બનાવવા દૂધસાગર સંસ્થા હંમેશાં અગ્રક્રમે ઉભી રહી ભગીરથ પ્રયાસો કરતી રહેશે.

આ વખતે અમે તંત્ર દ્વારા મળેલા મહેસાણા જિલ્લાના તમામ ૪૫૩ કૂ-પોષીત બાળકોને આગામી ત્રણ માસ માટે દત્તક લીધા છે. જેમણે ઘર આંગણે ૪૫ દિવસ સુધી ન બગડે અને રેફ્રિજરેટર વિના પણ સુરક્ષીત રહે તેવું અલ્ટ્રાહિટ ટ્રીટમેન્ટથી તૈયાર થયેલ અમૂલ મોતી દૂધ 160 ml પ્રતિદીન આ બાળકોને ઘરબેઠાં મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. આ સાથે સમાજના વિવિધ આગેવાનો, મારા પક્ષના પદાધિકારીઓ તથા નાગરિકો દ્વારા પણ વિવિધ ડ્રાયફ્રુટ પણ આ બાળકોને મળવાના છે ત્યારે મને વિશ્વાસ છે કે ; આ બધાના સામૂહિક પ્રયત્નોથી મહેસાણા જિલ્લામાંથી કૂ-પોષિત બાળકોને શત-પ્રતિશત સૂ-પોષિત કરવામાં સફળ રહીશું અને એક સંસ્થા તરીકે આવા ઉમદા કાર્યો કરવાનો મને તથા મારા સાથી નિયામક મંડળને ગૌરવ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ; કોરોનાની વિષમ પરિસ્થિતીમાં ભારતની આ પ્રતિષ્ઠિત દૂધસાગર ડેરી સંસ્થાએ સામૂહિક ઉકાળા વિતરણ, સામૂહિક રસીકરણ અભિયાન, માસ્ક વિતરણ, સેનેટાઈઝ વિતરણ, કોરોના વિરૂધ્ધ જનજાગૃતિ અભિયાન તથા મહેસાણાની સિવીલ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપી વિકટ સમયમાં વિસ્તારની સાથે સતત ઉભો રહેવાનો પ્રયત્ન કર્યો હતો.

## NDDB અને NBB ના સહયોગથી

# દૂધસાગર મધમાખી ઉછેર તાલીમની સાત દિવસીય બીજી બેંચનો વિધીવત શુભારંભ



મધામાખી ઉછેર તાલીમ શિબીરની પ્રથમ બેંચની અભૂતપુર્વ સફળતા બાદ દૂધસાગર ડેરીના જગુદણ તાલીમ કેન્દ્રખાતે તાજેતરમાં સાત દિવસની બીજી પચ્ચીસ ખેડૂતો અને પશુપાલકોના તાલીમાર્થીઓની શિબીરનો સંસ્થાના ચેરમેનશ્રીના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. દૂધસાગર ડેરી સાથે છેલ્લા ૬૦ વર્ષથી જોડાયેલા પશુપાલકો અને ખેડૂતોની આવક બમણી કરવાના ભાગરૂપે ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવા સંસ્થાના ચેરમેનશ્રીના નેતૃત્વ હેઠળ દૂધસાગર ડેરી **સ્વીટ ક્રાંતિ** તરફ ધીમે પણ નક્કર ગતિએ આગેકૂચ કરી રહી છે. તાલીમ શિબીરની આ બીજી બેંચનો શુભારંભ કરાવતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ ઉપસ્થિત તાલીમાર્થીઓને જણાવ્યું કે આપ આ ક્ષેત્રમાં આગળ વધો અને સફળ થાવ. દૂધની જેમ આપને મધ પણ ક્યાંય વેચવા નહિં જવું પડે અમે યોગ્ય ભાવોથી તમારૂં બધુ મધ ઘેર બેઠાં ખરીદી લઈશું. તમારે માત્ર મધ ઉત્પન્ન કરવાનું છે. એની ખરીદી અને વેચાણ અમારી જવાબદારી છે. અમૂલ જેવી વૈશ્વિક બ્રાંડ આપણી સાથે હોવાથી આપણે મધ ઉત્પાદનના ક્ષેત્રને અપનાવી આપણી ખેતી પણ સમૃધ્ધ કરી શકીશું તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ૪૫ નવયુવાનો દૂધસાગરની મુલાકાતે આવ્યા બોલ્યા : THANK YOU નિયામક મંડળ



તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી માં ગત વર્ષની ચૂંટણીબાદ પરિવર્તન પેનલનો દબદબાભેર પ્રવેશ થયો અને શ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં નવું નિયામક મંડળ અસ્તિત્વમાં આવ્યું. પોતાના ચૂંટણી જંગમાં આપેલા વચનો પરિપૂર્ણ કરવા સમગ્ર નિયામક મંડળે વિતેલા ૧૪ માસના સંઘર્ષને બિરદાવવા સ્વયંભૂ રીતે તાજેતરમાં મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના હિંમતપુરા ગામના ૪૫ પશુપાલક નવયુવાનો દૂધસાગર ડેરી માં આવી ચેરમેનશ્રી સહિત ઉપસ્થિત નિયામક મંડળના સભ્યોને મળીને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. દૂધસાગર પત્રિકાને જણાવતાં તેઓએ કહ્યું ; અમો છેલ્લા એક વર્ષથી નવા નિયામક મંડળની મહેનત અને કૂનેહ તથા ઈમાનદારીના દર્શન કરી રહ્યા છીએ. વિતેલા એક વર્ષમાં અમને અન્ય સંઘોની સમકક્ષ દૂધના ભાવ મળ્યા છે. દૂધસાગર દેવામાંથી બહાર આવી રહી છે. તથા મધ અને પ્રાકૃતિક ખેતી જેવા નવા આવકના સ્ત્રોત ઉભા થઈ રહ્યા છીએ ત્યારે, આજે અમે અમારી ફરજ સમજી સંસ્થાના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળનું મનોબળ વધારવા અંતરના ઉંડાણથી **THANK YOU** કહેવા આવ્યા છીએ.

## કેન્દ્રિય કેબિનેટ કૃષિ મંત્રીના પુત્ર બોલ્યા :

## यह दूधसागर तो कमाल है भई



થોડાક દિવસો અગાઉ ગુજરાત અને મહેસાણા તરફથી રોડ માર્ગે દિલ્હી તરફ જતા કેન્દ્રની મોદી સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના કેબિનેટ પ્રધાન શ્રી.નરેન્દ્રસિંહ તોમરના સુપૂત્ર શ્રી.દેવન્દ્ર પ્રતાપસિંહજી એ અનાયાસે સમી સાંજે દૂધસાગર ડેરીની મૂલાકાત લીધી હતી. આશરે ત્રણ કલાકથી વધુ સમય તેઓએ દૂધસાગર ડેરી દર્શનમાં વિતાવ્યો હતો. દૂધસાગર ડેરી દ્વારા કરવામાં આવતી દૂધ સંપાદન અને દૂધમાંથી બનાવવામાં આવતી વિવિધ ચીજ વસ્તુઓની મશીનરી તથા તેના ઉપયોગ વિશે તેમણે બારીકાઈથી બધુ જાણવાનો પ્રયત્ન કર્યો હતો. આ સાથે આ પ્રોડક્ટસ ના વેચાણ અંગે અમૂલ સાથેનો તાલમેલ જાણી તેમણે ગુજરાતના સહકારી માળખાની જાણકારી મેળવી આવનાર ભવિષ્યમાં ખેડૂત કલ્યાણ માટે દૂધસાગર ડેરી દેશને કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા કરી હતી. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં શ્રી.દેવેન્દ્ર પ્રતાપસિંહજીએ જણાવ્યું કે ; તેમની આ ડેરીમાં પ્રથમ મુલાકાત છે પરંતુ અહીં વિતાવેલો સમય હંમેશા યાદ રહેશે તથા ભાજપ સંગઠનથી ઘડાયેલા શ્રી.અશોક ચૌધરીજી ના નેતૃત્વમાં આ ડેરી સફળતાના નવા મૂકામ સર કરશે તેવો પ્રતિભાવ આપ્યો હતો. અને દૂધસાગરથી વિદાય લેતી વખતે આ મહાનુભાવના છેલ્લા શબ્દો હતા :

**यह दूधसागर तो कमाल है भइ !!?**

# નારી તું : નારાયણી વિશ્વ મહિલા દિને દૂધસાગરના ડિરેક્ટર યોગેશભાઈ પટેલે મહિલાઓનું સન્માન કર્યુ





ગત તારીખ ૮ માર્ચ ના રોજ **વિશ્વ મહિલા દિવસ** ના ઉપલક્ષમાં દૂધસાગર ડેરીના માણસાના પ્રતિનીધી અને નિયામક મંડળના સદસ્ય તેમજ અરવલ્લી જીલ્લાના કિસાન મોરચાના પ્રભારી શ્રી.યોગેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં વ્યાસ પાલડી ગામે આયોજિત મહિલા સન્માન સમારંભ પ્રસંગે તેઓએ શાલ અને પૂષ્પગુચ્છથી ગ્રામીણ પશુપાલક મહિલાઓનું સન્માન કર્યું હતું. આ તબક્કે સ્ત્રી સશક્તિ કરણના પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબના સંકલ્પને સિધ્ધ કરવાની કટિબધ્ધતા સાથે તેઓએ દૂધસાગર પત્રિકાને જણાવ્યું કે ; શ્રી.અશોકભાઈ ચૌધરી ના નેતૃત્વમાં આપણી દૂધસાગર ડેરી આત્મનિર્ભર મહિલા અને આત્મનિર્ભર ભારતના ઘડતર માટે મિશન મોડમાં કામ કરે છે.

# એક મુલાકાત : મહામાનવની સ્વપ્ન ભૂમિ ઉપર

# ઉબખલ સાગરદાણ ફેક્ટરી



(વિશેષ અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ઉબખલ સાગરદાણ ફેક્ટરી એટલે : ૧૪ એકર અને ચાર ગુંઠા જમીનમાં દૂધસાગર ની યશગાથા ગાતું એક એવુ પંખી જેનો ટહુકો મહેસાણા સુધી સંભળાય છે !! શ્રધ્ધેય પૂજ્ય મોતીબાપુના અવિરત પ્રયત્નોથી - આ મહામાનવના અથાગ પરિશ્રમથી અને આ તપસ્વીના તપોબળથી પશુપાલકોને મળેલું અદ્‌ભૂત સંભારણું એટલે આપણી આજની ઉબખલ સાગરદાણ ફેક્ટરી !! આ ફેક્ટરીના ખાત મૂર્હતમાં મોતીબાપુના આમંત્રણ થી તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ અને રાજ્યના નાણામંત્રી શ્રી.દિનેશભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અને ત્યારે ; પૂજ્ય મોતીબાપુએ કહેલું કે : પશુઓને પોષણક્ષમ ગુણવત્તાયુક્ત સમતોલ પશુઆહાર મળે તો આ વિસ્તારમાં દૂધનું ઘોડાપુર આવી શકે તેમ છે. અને એ હેતુથી જ નફાના આશય થી નહીં - સેવાના આશયથી આ ઉબખલ ખાતે આ ફેક્ટરીની સ્થાપના કરી રહ્યા છીએ. મોતીબાપુના પાવન પગલાંથી સિધ્ધ થયેલી આ ઉબખલ ભૂમી આજે પણ રળીયામણી લાગે છે. અને, દશકો વિતી ગયા હોવા છતાં મોતીબાપુ ક્યાંક આસપાસ ફરતા હોય અને દૂધસાગર ડેરીની જેમ ઉબખલ સાગદાણ ફેક્ટરીનું પણ ધ્યાન રાખતા હોય તેવી પ્રતિતિ આ લખનારને થઈ રહી છે ! આજે આટલા વર્ષો પછી પણ ઉબખલ માં તેના કર્મચારીઓમાં સતયુગ જીવતો હોય તેવી ઈમાનદારી જોવા મળી. આ પ્લાન્ટ હાલમાં ૫૪૦ થી વધુ મંડળીઓને પશુઆહાર પુરો પાડે છે. અને, આપણે જો મહેસાણાની દૂધસાગર ડેરીને મોતીબાપુનું મંદિર માનતા હોઈએ તો ઉબખલ સાગરદાણ ફેક્ટરીને મોતીબાપુના પાવન પગલાંથી સિધ્ધ થયેલો સિધ્ધાશ્રમ માનવામાં કોઈ અતિશયોકિત નથી.

હાલમાં, ઉબખલ સાગરદાણ ફેક્ટરી ખાતે 24 x 7 ના હિસાબે વર્ષના 365 દિવસનો કર્મ અને શ્રમ યજ્ઞ ચાલે છે. ત્રણેય શિફ્ટમાં પશુદાણનું ઉત્પાદન ચાલે છે. આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૩૫૦ મેટ્રિક ટન છે. જેમાં દૈનિક ૫૦૦૦ હજાર જેટલી સાગરદાણની ૭૦ કિ.ગ્રામ ની બેગનું ઉત્પાદન થાય છે. આ પશુદાણ કારખાનામાં બે કાચા માલના વિશાળ ગોડાઉન, એક આધૂનિક વૈજ્ઞાનિક સાધનોથી સૂસજ્જ લેબોરેટરી અને નાના પણ રળીયામણાં બે સુંદર બગીચા સાથે અહીંના કર્મચારીઓને રહેવા માટે સુંદર મજાની કોલોની પણ ઉપલબ્ધ છે.

ઉબખલ પશુદાણ ફેક્ટરી ખાતે વર્તમાન સમયમાં જે બનાવટો તૈયાર થાય છે, તેમાં ૭૦ કિ.ગ્રામ તથા ૩૫ કિ.ગ્રામ સાગરદાણ ના બે પેકીંગ ઉપરાંત મકાઈ ભરડાના ૫૦ કિ.ગ્રામના પેકીંગને બનાવી પશુપાલકો સુધી પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત જગુદણ થી હાઈપ્રોદાણ, ભેંસદાણ, સમૃદ્ધિ દાણ, પાડીદાણ, મિલ્ક રીપ્લેસર પાવડર અને ચીલેટેડ મિનરલ મિક્ષ્ચર પાવડર મંગાવીને એ વિસ્તારના પશુપાલકોની માંગણી મૂજબ પહોંચાડવામાં આવે છે.

જગુદણ અને ઉબખલની આ સાગરદાણ ફેક્ટરીઓમાં બનતી વિવિધ પશુઆહારની બનાવટો થી અહીંના પશુઓના દૂધમાં, ફેટમાં અને S.N.F તથા દૂધના જથ્થાની સાથે ગુણવત્તામાં મહત્તમ વધારો થવા પામ્યો છે. દૂધસાગર ડેરીના પ્રશાસન ની સીધી નજર હેઠળ નફાના આશય વિના સેવાભાવથી ચાલતી આ ફેક્ટરીઓની વિવિધ બનાવટોના ઉપયોગથી ઉત્તર ગુજરાતમાં પશુઓ સાથે પશુપાલકોનો સર્વાંગી વિકાસ ઝડપી બન્યો છે. દૂધના જથ્થા તેમજ ગુણવત્તા (ફેટ અને એસ.એન.એફ) માં વધારો થવાથી પશુપાલકોની આર્થીક સ્થિતી - પરિસ્થિતી પહેલાના સમય કરતાં વધારે સધ્ધર અને મજબૂત બનવા પામી છે.

આ પશુદાણની બનાવટોમાં જુદા-જુદા પ્રકારના અનાજ તેમજ તેની બાયપ્રોડક્ટસ જેમકે ; ખોળ, ભુસૂં , ગોળની રસી, બાયપેસ ફેટ, ચીલીટેડ, ખનીજતત્વો, ટોક્સીન બાઈન્ડર વગેરે તત્વો ઉમેરી પશુઓ માટે સંપૂર્ણ પોષણક્ષમ આહાર બનાવવામાં આવે છે. અહીં ઉબલબ્ધ વૈજ્ઞાનિક સુવિધાઓથી સુસજ્જ લેબોરેટરીમાં વિવિધ કાચા માલોની સાથે તૈયાર થયેલ વિવિધ પશુઆહારોની ગુણવત્તાના ધારાધોરણોની પારદર્શક રીતે ચકાસણી થયા બાદ તેની યોગ્યતા શત-પ્રતિશત ચકાસ્યા બાદ ઉપયોગ કે વેચાણમાં લેવાય છે. સાગરદાણની ગુણવત્તાના તમામ માપદંડો નું ધારાધોરણ જાળવવાના મેનેજમેન્ટના આદેશનું સંપૂર્ણ ધ્યાન રખાય છે.

આતો થઈ, ઉબખલ સાગરદાણ ફેક્ટરીના કાર્યક્ષેત્રની - પણ અહીં ઉડીને આંખે વળગે તેવી પ્રસિધ્ધી મળી છે : અહીંની કર્મચારીઓ સંચાલિત કેન્ટીનને !! ઉબખલ ખાતે કર્મચારીઓ સંચાલિત અહીંના બ્રાહ્મણ રસોઈયા દ્વારા ચલાવવામાં આવતી કેન્ટીનમાં જમવા આવતા કર્મચારી પાસેથી માત્ર ૩૫ રૂપિયા જેટલી મામુલી રકમમાં ભરપેટ સુધ્ધ ભોજન પીરસવામાં આવે છે. અને સૌથી શ્રેષ્ઠ તથા વખાણવા લાયક વાત તો એ છે કે ; અધિકારી હોય, કર્મચારી હોય, કોન્ટ્રાક્ટનો માણસ હોય કે મજૂર માણસ હોય સૌના માટે ભોજન, ભાવ અને જગ્યા અહીં સમાન રાખવામાં આવી છે. સૌરાષ્ટ્રના આપાગીગા કે વિરપુરના જલારામ બાપાની જગ્યાની જેમ ઉબખલ કેન્ટીન એ દૂધસાગર ડેરીની એક માત્ર સંસ્થા છે જ્યાં સૌ સાથે - સૌ માટે - સૌ સરખાની નિતી અપનાવવામાં આવી છે.

દૂધસાગર પત્રિકા સાથે રૂબરૂ મૂલાકાત ના થઈ શકી પણ ટેલિફોનીક વાતચીતમાં જવાબદાર અધિકારીશ્રીએ જણાવ્યું કે ; દૂધ સાગરના વિકાસમાં અમે દમ લગાવીને કામ કરી રહ્યા છીએ અને ઉબખલ સાગરદાણ ફેક્ટરી એ અમારુ કાર્યક્ષેત્ર હોવાથી વિશેષ ધર્મ અને કર્મક્ષેત્ર છે.

## પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવા દૂધસાગર ડેરી સૂસજ્જ

# ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના વરદ્ હસ્તે સંપન્ન થયો સાગરફ્રેશ નો શુભારંભ



ગત 24 માર્ચ ના રોજ દેશના પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને પ્રથમ સહકાર મંત્રી શ્રી.અમિતભાઈ શાહ સાહેબના ખેડૂતોની આવકને બમણી કરવાના અભિયાનને તથા નીરોગી ભારત માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના બૂલંદ ઈરાદાઓને સહકારી માળખામાં સમાવેશ કરવાની ઈચ્છાશક્તિને પ્રેરક બળ પૂરું પાડતાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી સાહેબ ના માર્ગદર્શન હેઠળ સાગર ફ્રેશ બ્રાન્ડથી મહેસાણામાં સહકારી ક્ષેત્રમાં

**દૂધસાગર અને અમૂલ જેવી વૈશ્વિક બ્રાન્ડ હેઠળ ખરીદી અને વેચાણ વ્યવસ્થા ઉભી થતાં ખેડૂતોને પોતાના ઉત્પાદનો વેચવામાં સરળતા રહેશે તથા તેમના ઉત્પાદનના પૂરતા ભાવ મળી રહેશે તો બીજી તરફ દૂધસાગર અને અમૂલનો વિશ્વાસ અકબંધ રહેવાથી ગ્રાહકોને ૧૦૦% શુધ્ધ પ્રોડક્ટસ મળી રહેશે**

ભારતમાં પ્રથમ એવા પ્રાકૃતિક ખેતી આધારિત શાકભાજી અને અનાજનો રીટેલ આઉટલેટ ચેરમેનશ્રીના વરદ્ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો છે. દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં આવતા ખેડૂતો પાસેથી પ્રાકૃતિક પધ્ધતિ અનુસાર ઉત્પાદિત થતી વિવિધ શાકભાજી તથા અનાજ અને કઠોળની સીધી ખરીદી કરી પ્રથમ તબક્કામાં ગ્રાહકોને સીધુ વેચાણ કરશે ત્યારબાદ ; આગામી નજીકના ભવિષ્યમાં ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાં સાગરફ્રેશ ના નામથી બીજા રીટેલ શોપ ઉભા કરી બજારમાં ઉપલબ્ધ થશે અને આ પ્રયોગને પ્રારંભિક સફળતા મળ્યા બાદ સમગ્ર માળખાને અમૂલ બ્રાન્ડ સાથે જોડી ભારત અને વૈશ્વિક બજાર તરફ લઈ જવાનો રોડ મેપ ઉભો કરવામાં આવશે. દૂધસાગર ડેરી સંચાલિત સાગરફ્રેશ રીટેલશોપમાં પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદનોને નિષ્ણાતોની નજર હેઠળ ખરીદવામાં આવે છે તેમજ તેની શુધ્ધતાને પ્રામાણિત કરી ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવતું હોવાથી તેની ગુણવત્તા માટે કોઈ શંકાને સ્થાન રહેતું નથી. સાગરફ્રેશના શુભારંભ પ્રસંગે સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે ; દૂધસાગર અને અમૂલ જેવી વૈશ્વિક બ્રાન્ડ હેઠળ ખરીદી અને વેચાણ વ્યવસ્થા ઉભી થતાં ખેડૂતોને પોતાના ઉત્પાદનો વેચવામાં સરળતા રહેશે તથા તેમના ઉત્પાદનના પૂરતા ભાવ મળી રહેશે તો બીજી તરફ દૂધસાગર અને અમૂલનો વિશ્વાસ અકબંધ રહેવાથી ગ્રાહકોને ૧૦૦% શુધ્ધ પ્રોડક્ટસ મળી રહેશે જેના પરિણામ સ્વરૂપ દૂધ અને દૂધના ઉત્પાદનોની જેમ આ પ્રાકૃતિક પ્રોડક્ટસને પણ વૈશ્વિક બજાર પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પસંગે સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી.અમરતભાઈ દેસાઈ, ડિરેક્ટર શ્રી. યોગેશભાઈ પટેલ, MD શ્રી. ધીરજ કુમાર, સહયોગના ચેરમેન શ્રી.ફાલ્ગુનભાઈ ચૌધરી અને મેનેજર શ્રી. અશ્વિનભાઈ તથા દૂરડાના ડિરેક્ટર શ્રી.બાબુભાઈ ચૌધરી અને જનરલ મેનેજર પિનલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## અનુભવની અનૂભુતી

### શ્રી. વિડજ દૂધ મંડળીના પ્રમુખશ્રીનો દૂધસાગર પત્રિકા સાથેનો એક વાર્તાલાપ



દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. તથા તેમના નિયામક મંડળના ૧૫ મહિનાના શુધ્ધ વહિવટને દૂધસાગર સાથે જોડાયેલી આંતરિયાળ ગામડાઓની દૂધ મંડળીઓનો સ્વયંભૂ આવકાર મળી રહ્યો છે. દૂધસાગર પત્રિકાને એક પત્ર લખી શ્રી.વિડજ (0818) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ના પ્રમુખ શ્રી. વાઘેલા બહાદૂરસિંહ મસંગજી તરફથી મળેલ પ્રતિભાવ તેમના જ શબ્દોમાં...

સવિનય સાથે જણાવવાનું કે ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં વિડજ મંડળીના પ્રમુખ તરીકે છેલ્લા છ વર્ષથી અને આ ગામના સરપંચ તરીકે હું છેલ્લા પાંચ વર્ષથી સેવા આપી રહ્યો છું. દૂધસાગર ડેરી પ્રત્યેની મારી તથા મારા ગ્રામજનોની લાગણી અને ભાવના સંઘ સાથે વર્ષોથી જોડાયેલી છે. વિતેલા ફેબ્રુઆરી માસની દૂધસાગર પત્રિકાની એક વર્ષની વહિવટની લેખા જોખા કરતી આવૃત્તિની મેં ૨૦૦ ઝેરોક્ષ સ્વખર્ચે બનાવી મારી મંડળીના પશુપાલકોને વહેંચી છે. આ ઉત્તમ વહિવટ એ પશુપાલકોની શકિત છે. અમે અમારી મંડળીમાં હમણાં જ ત્રણ દિવસનો દિવાપોગ્રામ પણ રાખ્યો હતો. અશોકભાઈ ચૌધરીના વહિવટ બાદ અમારા ગામની પ્રાઈવેટ ડેરીઓ બંધ થઈ ગઈ છે. અને આવા શુધ્ધ અને પવિત્ર વહિવટ બદલ દૂધસાગરના નવા ચેરમેન તથા સમગ્ર જાગૃત અને સાચામાં સહકાર આપતા નવા નિયામક મંડળને હું મારા તથા મારા ગામ વતીથી અભિનંદન આપું છું. કડી તાલુકા અને મહેસાણા જિલ્લામાં પણ અમારા જેવી સંઘ ભાવના પ્રગટ થાય તેવી ભગવાનને પ્રાર્થના કરું છું.


દૂધસાગર પત્રિકા

વર્ષ એક : ઉપલબ્ધિઓ અનેક

છ લાખ પશુપાલકોનું પ્રતિનિધીત્વ
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ
દૂધસાગર પત્રિકા
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ સમાન દૂધસાગર પત્રિકા છ લાખ પશુપાલકો અને શાસકો વચ્ચે નિષ્પક્ષ સેતુનું કામ કરે છે ત્યારે આપ પણ આપણી આ સંસ્થાના હિત માટે આવકાર્ય છો. આપના મૌલિક વિચારો અને નવા દ્રષ્ટિકોણનું સ્વાગત છે
તંત્રી : મહેશ ચૌધરી (8200897311)